દાખલ તારીખ ; ૨૨/૨/૨૦૧૩

નોંધ્યા તારીખ : ૨૨/૨/૨૦૧૩

ફેસલ તારીખ : ૧/૧૧/૧૮.

સમય ગાળો : વર્ષ માસ દિવસ.

મે.રા. અમદાવાદનાં એડી.ચીફ. મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ **ની કોર્ટમાં . મુ,-અમદાવાદ. કોર્ટ.નંબર. ૭.**

ક્રી.કેસ નંબર , ૪૫૪/૨૦૧૩

ફરિયાદી: ધી સ્ટેટ ઓફ ગુજરાત આંક- **૧૦.**

વિરુધ્ધ

આરોપી : સુભાષભાઈ માણેકલાલ પવાર. ઉ.વ. ૩૬.

રહે.અમરાઈવાડી, , અમદાવાદ.

ફરિયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી ત્રિવેદી.

આરોપી તરફે વિ,વકીલ શ્રી , મણિયાર

**આરોપ :ઈ.પી.કો.કલમ-,૩૨ 3,૨૯૪ (ખ), ૫૦૬ ( ૧ ) મુજબ**

## ઠરાવ

(૧) ફરિયાદ પક્ષના કેસની હકીકત મુજબ આ કામના આરોપીએ ગઈ તારીખ ૫/૨/૨૦૧૩ના કલાક ૧૮-૦૦ વાગ્યાના સુમારે મોજે ‘ અમારા ધ્યાન ‘ હાટકેશ્વર સર્કલ પાસે આવેલ

શાક માર્કેટ પાસે આ કામના ફરિયાદીને ગાલ પર એક લાફો મારી, ગંદી બીભત્સ ગાળો બોલી,જાહેરમાં અપમાનિત કરી, જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કર્યાની હકીકતે નોંધાયેલ ફરિયાદના અનુસંધાને તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરાવા જણાઈ આવતા હાલનુ ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) ચાર્જશીટ રજૂ થતાં આરોપીને સમન્સ કરતાં તેમના વિ.વકીલ શ્રી મારફતે હાજર થતાં પોલીસ તપાસના તમામ કાગળોની નકલો વિનામુલ્યે પૂરી પાડયાની ખાતરી કરી આંક. ૨ થી તહોમતનામું ફરમાવી આંક- ૩ થી આરોપી ની પ્લી રેકર્ડ કરતાં આરોપીએ તેમની સામેના આરોપનો ઈન્કાર કરતાં ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી.

(૩) ફરિયાદ પક્ષે નીચે મુજબનો લેખિત તથા મૌખિક પુરાવો રજૂ થવા પામેલો છે

ફરિયાદી સાહેદ કલ્પનાબેન સુભાષભાઈની જુબાની આંક-૫

ફરિયાદ આંક-૬.

સાહેદ રશેશભાઈ ચીમનલાલ ગાંધી ની જુબાની આંક-૭.

સાહેદ રાજેન્દ્રકુમાર આત્મારામ ની જુબાની આંક- ૮.

(૪) ફરિયાદ પક્ષે એ.પી.પી..શ્રી એ મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં આરોપીનું વિશેષ નિવેદન નોંધતા આરોપીએ ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાનો ઈન્કાર કરી બચાવના સાહેદો તપાસવા કે જાતેપોતે સોગંધ પર પુરાવો રજૂ કરવા માંગતા નહીં હોવાનું જાહેર કરી વિશેષમાં તેમની ઉપર ખોટો કેસ કરેલાનું જણાવતા એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વકીલ શ્રી. દલીલો સાંભળી,વધુમાં આરોપી તરફે રજૂ લેખિત દલીલો ધ્યાને લીધી.

(૫) ઉપરોક્ત રજૂઆત તથા પુરાવો ધ્યાને લેતા કેસના ન્યાયિક નિકાલ સારું મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

<u>મુદ્દા નંબર -૧</u> શું ? ફરિયાદ પક્ષ નિ:શંક પણે સાબિત કરે છે કે આ કામના આરોપીએ ગઈ તારીખ; ૫/૨/૨૦૧૩ના કલાક ૧૮-૦૦ વાગ્યાના સુમારે મોજે અમારા ધ્યાન હાટકેશ્વર સર્કલ પાસે આવેલ શાક માર્કેટ પાસે આ કામના ફરિયાદીને ગાલ પર એક લાફો મારી, ગંદી બીભત્સ ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, ઈ.પી.કો.કલમ ૩૨૩, ૨૯૪(ખ),૫૦૬(૧). મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો આચરેલ છે ?

(૨) શું હુકમ ?

ઉપરોક્ત મુદ્દા અંગેના મારા નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

<u>મુદ્દા નંબર</u>

*(૧)        નકારમાં*

*(૨)    આખરી હુકમ મુજબ*

*(૬)            કારણો મુદ્દા નંબર -૧,*

*ફરિયાદ પક્ષે આંક ,૫  થી ફરિયાદી સાહેદ કલ્પનાબેન ના જણાવ્યા મુજબ બનાવ બે વર્ષ અગાઉ બનેલો. તે વખતે તેણીની શાક માર્કેટમાં શાક લેવા સારું ગયેલી. તે વખતે તેમનો પતિ તેની પાછળ પાછળ ગયેલ અને જણાવેલ કે બધા કેસ પરત ખેંચી લે નહિતર તને અને તારી છોકરીને જાનથી મારી નાખશે અને  મોંઢા પર એસિડ  નાંખી કદરૂપી કરી નાંખશે.તેણીને બીભત્સ ગાળો બોલેલી, તે વખતે આજુબાજુમાથી લોકો ભેગા થઈ જતાં તેની છોકરી રડતી હોય  કંટ્રોલ રૂમમાં જાણ કરેલી, બીજા દિવસે પોલીસે પોલીસ સ્ટેશને બોલાવેલ જ્યાં હાલની ફરિયાદ નોંધાવેલી, તેઓને રકસેશભાઈ બચાવવા આવતા આરોપીએ તેઓને પણ ગાળો બોલેલ, એક ઉમર લાયક માણસ અને બીજા બે જણાએ આવું ના કરવાનું કહેતા આરોપીએ તેણીને જણાવેલ કે આ બધા તારા ઘરવાળા છે, ત્યાર બાદ તેણીની ઘરે જતી રહેલ હોવાનું જણાવી. બચાવપક્ષની ઊલટ તપાસમાં તેણીની છેલ્લા ત્રણ વર્ષથી તેના પતિથી અલગ રહેતી હોવાનું અને તેણીની રક્ષેશભાઈની બહેન સાથે રહેતી હોવાનું અને રકસેશભાઈ તેમની સાથે રહેતા હોવાનું  સ્વીકારી. તેણીની રકસેશભાઈના ઘરે ઘરકામ કરતી હોવા સાથે સંમત થઈ, રકસેશભાઈ તેમની જ્ઞાતીના ના હોવાનું અને તેઓ અપરિણીત હોવા સાથે સંમત થઈ, તેણીએ તેના પતિ વિરુધ્ધ ૪૯૮(ક)ની ફરિયાદ કરેલ છે. તથા ડોમેસ્ટિક એક્ટ અને ૧૨૫ મુજબની અરજીઓ કરેલ હોવા સાથે  તથા આ સિવાય તેમના પતિ વિરુધ્ધ બીજી ચાર થી પાંચ ફરિયાદો  કરેલ હોવા સાથે સંમત થઈ,તે કેસોમાં રકસેશભાઈ તેણીના સાક્ષી તરીકે રહેલ હોવાનું નકારી, બનાવ સમયે ૨૫ થી ૩૦ માણસો ત્યાં ઊભા હોવાનું અને તેના ઘરથી અંદાજે ૩૦૦ ફૂટ દૂર શાક માર્કેટ હોવાનું સ્વીકારી, " બનાવ સમયે તેણીની બેબી તેની સાથે હોવાનું , તથા તેનો ઘરવાળો તેની પાછળ પાછળ આવેલ અને બધા કેસો પરત ખેંચી લેવાનું તથા છોકરી રડવા લાગતાં લોકો ભેગા થઈ ગયેલાનું અને ઘરે ગયા બાદ કંટ્રોલમાં ફોન કરેલ હોવાનું અને બીજા દિવસે પોલીસ સ્ટેશને જઇ ફરિયાદ લખાવેલાનું અને રકસેશભાઈએ બચાવેલાની તથા રકસેશભાઈ તેણીને બચાવવા આવેલા.... આ બધા તારા ઘરવાળા થાય છે,"   તેવી  હકીકતો  ફરિયાદમાં લખાવેલ ના હોવાનું સ્વીકારી. આંક ૬  થી રજૂ ચિઠ્ઠીમાં લખેલ ગાળ વાળા શબ્દો તેણીની ફરિયાદમાં લખાવેલ ના હોવાનું સ્વીકારી, કહેવાતો કોઈ બનાવ બનેલ ના હોવા છતા આરોપી પાસેથી છૂટાછેડા લેવા સારું હાલની ખોટી ફરિયાદ કરેલાનો ઈન્કાર કરેલ છે.*

*સાહેદની જુબાનીનું મૂલ્યાંકન  કરતાં તેઓએ  બનાવ હકીકતને અંસત: સમર્થક વિગતો જાહેર કરેલ છે, પરંતુ તેઓએ નોંધાવેલ ફરિયાદ અને સોગંધ પર રજૂ કરેલ જુબાનીમાં કહેવાતા બનાવ અને આરોપીએ બોલેલ ગાળો તથા મારેલ માર બાબતે તથા સાહેદ રકસેશ્શભાઈની હાજરી બાબતે  ખુબજ મોટી વિસંગતતા રેકર્ડ પર  આવવા પામેલ હોય  ફરિયાદીની જુબાની શંકા સ્પદ બની રહેતી  હોય ફરિયાદીની જુબાની  પર આધાર રાખી શકાય નહીં.*

*(૭) ફરિયાદપક્ષે સોગંધ પર તપાસેલ સાહેદ રકસેશભાઈ ના જણાવ્યા મુજબ બનાવ આશરે ત્રણ વર્ષ અગાઉ સાજના ૬-૩૦ થી ૭-૦૦ વાગ્યાના સુમારે તેમના ઘર આગળ આવેલ શાક માર્કેટમાં બનેલો. તે વખતે કલ્પનાબેન અને સુભાષભાઈને ઝગડો થયેલો, તેઓને ૪૯૮ ક નો કેસ કોર્ટમાં ચાલે છે તે પરત ખેંચી લેવા બાબતે બનેલો. તે વખતે સુભાષભાઈએ કલ્પનાબેન સાથે બોલાચાલી કરી જમણા ગાલ પર લાફો મારી દીધેલો, તથા ગાળાગાળી કરેલી, તેઓ ત્યાં સ્થળ પર પહોચ્યા ત્યારે આરોપી ત્યાથી જતો રહેલો, તે વખતે કલ્પનાબેન ગભરાઈ ગયેલા અને અડધો કલાક રહી પોલીસને ફોન કરેલો, અને પોલીસની ગાડી આવતા તેણીને લઈ ગયેલી. જ્યાં તેણીએ બનાવ સબંધી ફરિયાદ નોંધાવેલી, જેના અનુસંધાને પોલીસે તેઓનું નિવેદન નોંધેલ હોવાનું જણાવી. બચાવપક્ષની ઊલટ તપાસમાં તેઓ કલ્પનાબેન ને ઓળખે છે તેણીની તેમની સાથે સને ૨૦૧૨થી રહેતી હોવાનું અને તેઓ તેમના કોઈ સગા થતાં નહીં હોવાનું તથા તેની હાલમાં તેમની સાથે તેમના ઘરમાં રહેતા હોવાનો એકરાર કરી, તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં " બનાવ ૬-૩૦ થી ૭-૦૦ વાગ્યાના સુમારે બનેલાનું અને તે વખતે કલ્પનાબેન શાકમાર્કેટમાં લારી પર ઊભા હોવાનું તથા તેઓ વચ્ચે ૪૯૮.ક.નો કેસ ચાલતો હોવાનું અને ગાળાગાળી થયલાનું તથા તેઓ ત્યાં જતાં આરોપી ત્યાથી જતાં રહેલાનું તથા તે વખતે કલ્પનાબેન ગભરાઈ ગયેલાનું અને થોડીવાર બાદ પોલીસ આવેલાનું તથા તેણીને પોલીસ લઈ ગયેલાનું " લખાવેલ નહીં હોવાનું સ્વીકારી. તેઓએ તેમના પોલીસ નિવેદનમાં " તા, ૫/૨/૧૩ના રોજ સાંજના અઢી વાગે કામ અર્થે ઘરથી બહાર ગયેલાનું અને તે વખતે તેમના ઘરે નોકરાણી તરીકે કામ કરતાં કલ્પનાબેન નો તેમના પર ફોન જતાં બનાવ હકીકત જાણેલાનું ". લખાવેલ હોવાનું નકારી.શાક માર્કેટમાં સાંજના ૨૦૦ જેટલી લારીઓ હોવાનું અને ત્યાં પબ્લિક વધારે હોવાનું સ્વીકારેલ છે.*

*સાહેદની જુબાનીનું મૂલ્યાંકન કરતાં સાહેદે સોગંધ પરની જુબાની વખતે બનાવ નજરે જોયેલ હોય તે રીતની રજૂઆત કરેલ છે. જ્યારે પોલીસ રૂબરૂના નિવેદનમાં બનાવ સમયે તેઓ હાજર ના હતા અને તે બનાવની જાણ તેઓને ફરિયાદી એ ફોન દ્વારા કરેલ હોવાનું જણાઈ આવે છે. વધુમાં સાહેદની જુબાની અને પોલીસ રૂબરૂના નિવેદનમાં સાહેદ તથા ફરિયાદી આરોપીની બનાવ સ્થળે હાજરી સબંધી ખુબજ મોટી વિસંગતતા રેકર્ડ પર આવવા પામેલ છે. સાહેદ હિત ધરાવતા સાહેદ છે અને તેઓએ પોલીસ નિવેદનથી તદ્દન વિરુધ્ધ અને અતિશયોક્તિભરી હકીકતો સોગંધ પરની જુબાનીમાં જણાવેલ છે અને તે અંગેનો કોઈ માની શકાય તેવો ખુલાસો ફરિયાદપક્ષે રજૂ થવા પામેલ ના હોય સાહેદની જુબાની શંકા સ્પદ બની રહેતી હોય તેના પર આધાર રાખી શકાય નહીં.*

*(૮) ફરિયાદપક્ષે સોગંધ પર તપાસેલ તપાસ અધિકારી રાજેન્દ્રકુમાર આત્મારામના જણાવ્યા મુજબ ગઈ તા, ૫/૨/૧૩ના રોજ તેઓ અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં ફરજ પર હાજર હતા ત્યારે આ કામના ફરિયાદી કલ્પનાબેને તેમની પાસે જઈ ફરિયાદ હકીકત લખાવતા તેણીના લખાવ્યા મુજબની ફરિયાદ લખી લઈ, રૂબરૂ તરીકે સહી કરી, ગુનો દાખલ થવા મોકલી આપેલ. તે સબંધી ગુનો દાખલ થઈ આગળની તપાસ તેઓને મળતા સંભાળી લઈ,લાગતાં વળગતા સાહેદોના નિવેદનો નોંધી, આરોપી વિરુધ્ધ પૂરતા પુરાવા જણાઈ આવતા ચાર્જશીટ કરેલ હોવાનું જણાવી, બચાવપક્ષે થયેલ*

ઊલટ તપાસમાં તેઓએ તપાસના કામે બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ ના હોવાનું સ્વીકારી, તેઓ સાહેદ રકસેશભાઈને ત્રણ વર્ષથી ઓળખતા હોવાનું સ્વીકારી, રકસેશભાઈ તેમના પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિના સભ્ય હોવાની તેઓને ખબર ના હોવાનું જણાવી. બનાવ સ્થળે સાંજના સમયે ખુબજ ભીડ હોવાનું અને તે સ્થળેથી કોઈ સાહેદોના નીવેદનો નોંધેલ ના હોવા સાથે સંમત થઈ, સાહેદ રસેશભાઈએ તેમની રૂબરૂના નિવેદનમાં ." તા, ૫/૨/૧૩ના રોજ સાંજના ૭-૦૦ વાગે ઘરે આવતા બહાર ગયેલ અને કલ્પનાબેન નો ફોન આવેલ. કલ્પનાબેને ૧૦૦ નંબર પર ફોન કરેલ અને પોલીસ આવેલી,". તેવું લખાવેલ ના હોવાનું સ્વીકારેલ છે. સાહેદની જુબાનીનું મૂલ્યાંકન કરતાં તેઓએ હોદ્દાની રૂએ બનાવની તપાસ કરેલાનું જણાઈ આવે છે. પરંતુ આ કામે રજૂ રેકર્ડ ધ્યાને લેતા બનાવ સ્થળ જાહેર સ્થળ છે અને ત્યાં પબ્લિકના તટસ્થ અને સ્વતંત્ર કહી શકાય તેવા સાહેદો સહેલાઇથી મળી શકે તેમ હોવા છતાં આ કામે તેઓએ તેવા તટસ્થ કહી શકાય તેવા કોઈ સાહેદોના નિવેદનો નોંધેલ નથી. તેઓએ તપાસના કામે જે એક માત્ર સાહેદનું નિવેદન નોંધેલ છે તે સાહેદ ફરિયાદપક્ષના ઓળખિતા અને હિત ધરાવતા સાહેદ છે. અને બનાવ સ્થળે તેમની હાજરી શંકા સ્પદ જણાઈ આવે છે. તપાસના કામે તેઓએ બનાવ સ્થળનું પંચનામું કરેલ નથી કે તે અંગે કોઈ ખુલાસો રજૂ કરેલ નથી. જેથી સાહેદની જુબાની પર આધાર રાખી શકાય નહીં.

(૯) ઉપરોક્ત રજૂ જુબાનીનું આ કામે રજૂ દસ્તાવેજી પુરાવ સાથે તુલના કરી મૂલ્યાંકન કરતાં. આ કામે ફરિયાદ પક્ષે રજૂ ફરિયાદ ધ્યાને લેતા આ કામના ફરિયાદીએ જેતે વખતે નોંધાવેલાનું અને તેઓને આ કામના આરોપીએ જેતે સમયે અને સ્થળે માર મારી ગંદી ગાળો બોલેલ હોવાનું તથા ધમકી આપેલ હોવાનું જણાવેલ છે, પરંતુ આ કામના ફરિયાદી સાહેદની સોગંધ પરની જુબાનીમાં અને અન્ય સાહેદોની જુબાનીમાં બનાવ વખતે આરોપી તથા અન્ય સાહેદોની હાજરી અને ફરિયાદીને મારેલ માર તથા બોલેલ અપશબ્દો તથા આપેલ ધમકી સબંધી ખુબજ મોટો વિરોધાભાસ રેકર્ડ પર આવવા પામેલ છે. અને ફરિયાદ હકીકતને શંકા રહિત સમર્થન પૂરું પાડેલ નથી અને.તેથી ફરિયાદ હકીકત ખુદ ફરિયાદીની જુબાનીથી પુરવાર થવા પામેલ નથી.

(૧૦) ઉપરોક્ત રજૂ પુરાવાનું કરેલ મૂલ્યાંકન તથા આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુનાની કાયદાકીય જોગવાઇઓ અને તેના આવશ્યક તત્વો તથા પક્ષકારોની રજૂઆત ધ્યાને લેતા આ કામના ફરિયાદી સાહેદને કહેવાતા સમયે અને સ્થળે, અને દિવસે આ કામના આરોપીએ માર મારી ગાળો બોલી અપમાનિત કરેલ હોવા સબંધી અને જાનથી મારી નાખવાની આપેલ ધમકી અંગે ફરિયાદ પક્ષે ફરિયાદી સહિત સોગંધ પર તપાસેલ સાહેદે સ્પષ્ટ શંકા રહિત પુરાવો રજૂ કરેલ નથી. તેથી આરોપી વિરુધ્ધ ફરમાવવામાં આવેલ તહોમત શંકારહિત પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નંબર ૧. નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નંબર .૨ લગત આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે. .

## હુકમ

ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૮ (૧) અન્વયે આ કામના આરોપીને ઇ.પી.કો.કલમ-૩૨૩.૨૯૪ (ખ), ૫૦૬(૧). મુજબના ગુનાના કામેથી શંકાનો લાભા આપી મુક્ત કરવામાં આવે છે.

*(૨) આરોપીએ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭ (એ) અન્વયે છ માસ સુધીના એકવિટલ જામીન રજૂ કરવા.*

*હુકમ આજ તારીખ ૧લી માહે નવેમ્બર સને ૨૦૧૮ ના દિને ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યોઈ*

*તારીખ:૧/૧૧/૨૦૧૮.* આર.બી.સોલંકી.
સ્થળ *:* અમદાવાદ એડી. ચીફ. મેટ્રોપોલિટન મેજી..
કોર્ટ. નંબર-૭ અમદાવાદ
*(* કોડ નં-જી.જે.૦૧૦૦૯ *)*